## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... નકલી પોલીસ માટેની એક્ઝામની તૈયારી કરાવો છો...? એમાં મને રસ છે...!!

# મિસ ગાંધીનગર બનતી આકાંશી ચૌહાણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના ડાયમંડ ગ્રુપ દ્વારા મિસ ગુજરાત ૨૦૧૬ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું પ્રથમ ઓડિશન અડાલજ સ્થિત આમંત્રિતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગરના ડાયમંડ ગ્રુપ દ્વારા મીસ ગુજરાત-૨૦૧૬ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધાનું પ્રથમ ઓડિશન શ્રેયા







શ્રેયા ફાર્મમાં યોજાયું હતું. જેમાં ગાંધીનગરની આકાંશી ચૌહાણને મીસ ગાંધીનગરનો તાજ જીત્યો હતો. અને મીસ ગુજરાત સ્પર્ધાની ગ્રાન્ટ ફિનાલે માટે પસંદગી પામી છે. આ સ્પર્ધામાં સ્પર્ધકો ઉપરાંત ફાર્મમાં યોજાયું હતું. જેમાં વિવિધ કેટેગરીમાં ૫૦ જેટલી યુવતીઓએ ભાગ લીધો હતો. જ્યારે ૧૮ વર્ષથી વધુ વયની ઈવેન્ટમાં ૨૦ યુવતીઓએ ભાગ લીધો.

શ્રેયા ફાર્મ ખાતે ૪ જુને ગાંધીનગર ઓડિશનમાં પસંદગી પામેલ યુવતીઓ વચ્ચે ફાઈનલ યોજાઈ હતી જેમાં ૧૯ સ્પર્ધકોને માત આપી ગાંધીનગરની યુવતી આકાંશી ચૌહાણને મીસ ગાંધીનગરનો ખિતાબ હાંસલ કર્યો હતો. જ્યારે ફસ્ટ રનરઅર્પ તરીકે આયુષી ધોલકીયા અને સેકન્ડ રનરઅર્પ તરીકે એસ્પાર ચિનાર રહી હતી. ઉપરાંત ૧૩ વર્ષથી નીચેના બાળકોની સ્પર્ધામાં બેસ્ટ કિડ ગર્લ્સનો ખિતાબ ગાંધીનગરની કિશોરી માહી ઠક્કરે જીત્યો હતો. જ્યારે સંગીત ઈવેન્ટમાં મુકેશ શુક્લા તથા અંડર-૧૫ સોલો ડાન્સમાં પ્રથમ ક્રમે ચંદ્રપાલ ઝાલા અને દ્વિતીય ક્રમે મહર્ષિ સોલંકી વિજેતા જાહેર થયા હતા.

મીસ ગુજરાત સ્પર્ધાના અનુલક્ષમાં પ્રથમ ગાંધીનગર ઓડિશન માટેના નિર્ણાયક તરીકે રાષ્ટ્રપતિ એવોર્ડ સન્માનિત કમલેશ પટેલ, ગુજરાતી ફિલ્મ અભિનેતા જનક ઠક્કર અને ડાયમંડ ગ્રુપના જીગર ત્રિવેદી, ગાંધીનગરના બ્યુટીશીયન સોનલબેન અખાણી, સાંસ્કૃતિક સંગીત કલાકાર પિનાકીનભાઈ વ્યાસ હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, કોંગ્રેસના અગ્રણી નિશિત વ્યાસ અને નાગરિક બેંકના ચેરમેન ડો. હિમાંશુભાઈ પટેલ તેમજ ભાજપના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● આજે મહાનગર પાલિકા દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમમાં કોંગ્રેસના કાઉન્સીલરો પણ જોડાયા હતા.

● મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વૃક્ષારોપણના કાર્યક્રમમાં ભાજપ શહેર એકમની ગેરહાજરી વર્તાઈ આવતી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે સામાજિક અને અન્ય મેળાવડાના કાર્યક્રમો સારી એવી સંખ્યામાં યોજાયા હતા.

● ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપથી આજે લોકો આકુળ-વ્યાકુળ થઈ ગયા હતા અને વહેલી સવારથી જ પંખા ઓન રાખ્યા હતા.

● ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે પ્રા. શાળાના આચાર્યો અને બી.આર.સી., સી.આર.સી.ની બેઠકો યાજાશે.

● ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળો સતત વકરી રહ્યો હોવાથી તંત્રની મુશ્કેલીઓ વધી છે.

● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યાને નાથવા તંત્ર પગલાં લે તેવી માંગ ઉઠવા પામી છે.

## સહયોગ મંડળની વાર્ષિક સાધારણ સભામાં દાતાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા સહયોગ મંડળની ૧૫મી વાર્ષિક સભા આજે સે. ૧૦-એમાં કૃષિભવનની સહકારી કેન્ટીન ખાતે યોજાઈ હતી. આ સભામાં સંસ્થાની વ્યવસ્થાપક કરવી વગેરેનો સમાવેશ થાય છે. સહયોગ મંડળની વાર્ષિક સાધારણ સભાના પ્રારંભે વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યોને શોકાંજલિ અર્પિત કરાઈ હતી. આ સભામાં ગત વર્ષના હિસાબોને બહાલી આપવા ઉપરાંત આગામી



સમિતિની નિમણૂંક ઉપરાંત દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૧૫ વર્ષથી સહયોગ મંડળ ગાંધીનગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જેમાં ગરીબ દર્દીઓને મફત દવાઓ પુરી પાડવી, મોટી શસ્ત્રક્રિયામાં આર્થિક મદદ કરવી, રક્તદાન શિબિર યોજવી, નેત્ર-ચિકિત્સા શિબિર યોજવી, પગરખાં વિતરણ કરવુ, વૃદ્ધાશ્રમના વડીલોને ધાર્મિક પ્રવાસ કરાવવો, વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવી, કુદરતી આફતમાં સેવાકાર્ય કરવુ, આંગણવાડીના કુપોષિત બાળકોને સાત્વિક આહારનું વિતરણ કરવુ, ગરીબ પરિવારોને અનાજ સહાય બે વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિની નિમણૂંક કરાઈ હતી. આ ઉપરાંત સભામાં સંસ્થાને દાન આપી મદદરૂપ થનાર સંસ્થાઓ, દાતાઓ વગેરેનું સન્માન કરાયું હતું.

આ દાતાઓમાં માર્ગ-મકાન વિભાગના કર્મચારીઓ, સે. ૨૭ના ખ-૭ સર્કલ પાસેના ઈચ્છાપૂર્તિ હનુમાનજી મંદિરના સંચાલકો, દાતા દિવાબેન પટેલ, યશવંતભાઈ, વિનાયક બુચ સહિત અનેક દાતાઓનું સન્માન કરાયું હતું. સભામાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર પણ રજૂ કરાયો હતો. સભાના અંતમાં તમામ સભ્યોએ સહભોજનનો આનંદ માણ્યો હતો.

## ૮મી જૂને ટાઉનહોલમાં આરંગેત્રલ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

આગામી તા. ૮મી જૂનને બુધવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે આરંગેત્રલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આકાંક્ષા ઓઝા, દિત્સા રાઠોડ, જીયા પટેલ, નવ્યા નાયર, પ્રિયંકા પ્રજાપતિ અને ક્રિના પુરોહિત સહિતની ગાંધીનગરની દિકરીઓ પ્રથમ ભરત નાટ્યમ નૃત્યકલાની સાધના-આરાધના પ્રસ્તુત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એમ. લીખીયા, ગુજરાત સ્ટેટ સંગીત નાટક અકાદમી ગાંધીનગરના ચેરમેન યોગેશભાઈ ગઢવી, અતિથિ વિશેષ પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ દરમિયાન ગણેશ વંદના, અલારિપુ, જતિશ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, પદમ્, કિર્તનમ્, શ્લોકમ્, તિલાના અને મંગલમ્ સહિતના કાર્યક્રમોની પ્રસ્તુતી કરાશે.

# ચેસ ટૂર્નામેન્ટમાં ૧૪૭ સ્પર્ધકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા આજે જુના સચિવાલય કેન્ટી ખાતે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વયજૂથની કેટેગરીમાં ૧૪૭થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ચેસ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, સુરેન્દ્રનગર, હિંમતનગર, મહેસાણા સહિતના શહેરોમાંથી ઉત્સાહભેર ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ઓપન કેટેગરીમાં ૮૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જ્યારે ઈન્ટરનેશનલ રેટીંગ ધરાવતા ૨૭ સ્પર્ધકોએ પણ ટૂર્નામેન્ટને વધુ રસપ્રદ બનાવી હતી. અન્ડર-૧૬માં ૨૦ સ્પર્ધકો પૈકી હર્ષવર્ધન રાજવત પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. જ્યારે અન્ડર-૧૩માં ૩૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પૈકી કુશલ જાની વિજેતા રહ્યા હતા. આ ટૂર્નામેન્ટમાં ૯ વર્ષથી નીચેની ઉંમરના ૬ ખેલાડીઓ સ્પર્ધક બન્યા હતા. આ પૈકી ક્રિશ બારોટ પ્રથમ ક્રમે રહ્યો હતો.



સ્પર્ધાના વિજેતાઓને સુભાષભાઈ દવે દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ત્યારે ઓપન કેટેગરીના વિજેતાઓને રોકડ ઈનામ પણ આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના અંડર-૧૬માં આવતા રૂદ્ર પાઠકે ઓપન કેટેગરીમાં ભાગ લીધો હતો. ઓપન કેટેગરીમાં ૪૮ સ્પર્ધકો પૈકી રૂદ્ર પાઠક વિજેતા બન્યા હતા.

જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખ નાનજીભાઈ સાતુનિયા, સેક્રેટરી શૈલેશ નાયક અને ઈન્ટરનેશનલ આરબીટર (નિર્ણાયક) પંકજભાઈ પંચોલી ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## ૧૧૯૦ કરોડના કામોને મંજુરી આપાઈ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, કિસાનોને સિંચાઈની સુવિધાનો વ્યાપ વધે અને ગુણવત્તાલક્ષી સિંચાઈ સુવિધા મળે તે માટે રાજય સરકારે સઘન આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ઉકાઈ કાકરાપાર કમાન્ડ વિસ્તાર માટે નહેર સુધારણાના રૂ. ૧૧૯૦.૫૨ કરોડના કામો હાથ ધરાશે જે કામો આગામી ૩ વર્ષમાં પૂર્ણ કરાશે.

તેમણે ઉમેર્યું કે, ઉકાઈ કેનાલ અને કાકરાપાર કેનાલ યોજનાના કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણા, લાઈનિંગ બ્રીજ વાઈન્ડીંગ જેવા કામો હાથ ધરવામાં આવશે જેનાથી પિયત સુવિધાનો વ્યાપ વધશે જેનો લાભ સેકડો કિસાનોને મળશે.

# ચૂંટણી પૂર્વે જનતા ખુશ થાય, સૌને ગમે તેવી યોજનાઓ શરૂ કરવા રાજ્ય સરકારની તૈયારી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં ૧૩ વર્ષ સુધી નરેન્દ્ર મોદીએ એટલી બધી યોજનાઓ શરૂ કરી દીધી છે કે નવી સ્કીમ શરૂ કરવા સરકાર અને તેના ઓફિસરો માથું ખંજવાળે છે. એક અઘયન પ્રમાણે મોદીએ દર વર્ષે ૩૦૦ નવી સ્કીમો શરૂ કરાવી છે તે હિસાબે જોઈએ તો ૩૯૦૦ સ્કીમો સરકારના વિવિધ મંત્રાલયો તેમજ બોર્ડ-કોર્પોરેશનમાં ઉપલબ્ધ છે. હવે લોકોને આકષી શકાય અને સૌ લોકોને ગમે તેવી સ્કીમ કઇ હોઇ શકે છે તેવો પ્રશ્ન સચિવાલયમાં ચર્ચાઇ રહ્યો છે. મિનિસ્ટર્સ તેમજ ઓફિસરોને આ દિશામાં કામગીરી શરૂ કરવા કહેવામાં આવ્યું છે. ચૂંટણી પૂર્વે મતદારોને આકર્ષવા માટે સરકાર કઇ નવી યોજના શરૂ કરશે તેનો ડિટેઇલ અભ્યાસ રિપોર્ટ માગવામાં આવ્યો છે. એક અધિકારીએ એવું કહ્યું કે ગુજરાતમાં બોટલ પેક્ડ નર્મદા વોટર માત્ર ૧૦ રૂપિયામાં શરૂ કરવું જોઇએ, તો સિનિયર મંત્રીએ કહ્યું કે તામિલનાડુમાં જયલલીથા કાવેરીનું અમ્મા વોટર બોટલ પેક્ડ કરીને વેચે છે તેથી તેવી યોજના શરૂ થઇ શકે નહીં. બસ- ખલાસ... હવે આપણે શું કરીશું...!!

**બહેનને બદલવા છે, વિકલ્પ આપો, કે જે ૨૦૧૭માં બહુમત અપાવે**

**● દિલ્હીમાં અમદાવાદ છે, ગુજરાતમાં નથી...**

એર ક્વોલિટી ઈન્ડેક્ષ્ટ મોનિટરીંગમાંથી ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદને રિમુવ્ડ કરી દેવામાં આવ્યું છે. આ સિટીનો નવેમ્બર ૨૦૧૫ પછીનો કોઇ ડેટા ઉપલબ્ધ નથી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ પહેલાં ૧૦ એર ક્વોલિટી ઈન્ડેક્ષ્ટ - એક્યુઆઇ-ની જાહેરાત કરી હતી અને તેમાં અમદાવાદનો સમાવેશ કર્યો હતો. અમદાવાદ સ્થિત એક એનજીઓએ શહેરના મણીનગરમાં મોનિટરીંગ સ્ટેશન શરૂ કર્યું હતું પરંતુ તે ગયા નવેમ્બર મહિનામાં જ બંધ કરી દેવામાં આવ્યું હોવાથી કોઇ ડેટા પ્રાપ્ત થઇ શકતો નથી. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની વેબસાઇટ પર એક્યુઆઇના સ્ટેશનો સેટઅપ થયા છે તે ૧૦ સિટીનું લિસ્ટ આપવામાં આવ્યું છે તેમાં અમદાવાદનો સમાવેશ છે પરંતુ હકીકત આવી છે. આ બોર્ડ બીજા ૬૬ સિટીનો ઉમેરો કરવા માગે છે ત્યારે સરકારને કહેવાનું મન થાય છે કે જે છે તેનો ઉપયોગ કરો, પછી તેમાં બીજા સિટીનો સમાવેશ કરો.

**● સબકા સાથ સબકા વિકાસ- બહેન માટે નથી...**

ગુજરાત ભાજપના રાજકારણમાં અસંતોષની તીવ્રતા વધતી જાય છે. દર મહિને કહેવામાં આવે છે કે ચીફ મિનિસ્ટર બદલાય છે... બહેનને બદલવામાં આવી રહ્યાં છે... વિજય રૂપાણી નવા મુખ્યમંત્રી બનશે અને બહેનને કોઇ સ્ટેટમાં રાજ્યપાલ બનાવી દેવાશે... આવી વાર્તાઓ નવેમ્બર મહિના સુધી ચાલવાની છે. આનંદીબહેન પટેલનો વાંક શું.. ગુનો શું... એની પર નજર કરવાની જરૂર છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું એક સૂત્ર હતું- 'સબકા સાથ સબકા વિકાસ'પણ આ સૂત્ર લોકો માટે જ રહ્યું છે. પાટીમાં આ સૂત્ર લાગુ પડતું નથી. બહેનના હાથ મજબૂત કરવાની જગ્યાએ પાટી અને સરકારમાં બધાં પોતાની દુકાનો ખોલીને બેસી ગયા છે. પાટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે 'બહેનનો વિકલ્પ હાલ કોઇ છે જ નહીં, એકમાત્ર અમિત શાહ ગુજરાતના તારણહાર બની શકે છે, પરંતુ તેઓ અહીં આવી શકે તેમ નથી. બાકી હાલ જે નામો ચાલી રહ્યાં છે તેમાં કોઇ સ્ટેટલેવલનો લિડર નથી.'

**● ગાંધીનગરનો -ગુડા- એક નમૂનેદાર વિસ્તાર**

કોઇપણ શહેરનો વિકાસ કરવો હોય અથવા તો તેનું એક્સપાન્સન કરવું હોય તો પહેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીને ઈમારતો બનાવવાની પરમિશન આપવી જોઇએ પરંતુ અહીં તો ખેતર ખરીદીને સીધી ઈમારતો બનાવી દેવામાં આવી છે તેથી ઈન્ફ્રાસ્ટ્રચરના નામે મોટું મીંડુ છે. આ ઈમારતોમાં વોટર હાર્વેસ્ટીંગ નથી. બોર સિવાયના પાણીનો સ્ત્રોત નથી. સ્ટ્રીટ લાઇટ નથી. ૨૪ કલાક જ્યોતિગ્રામની વીજળી નથી. નિયમિત પાર્કિંગની સુવિધા નથી. તૂટેલા અને અસંખ્ય સ્પીડબ્રેકરો સાથેના ધૂળીયા માર્ગો છે. ભાંગી તૂટી ગટરલાઇન છે. ગાર્ડન કે હોસ્પિટલ નથી. શાકમાર્કેટ નથી. ગુજરાતના ચીફ મિનિસ્ટર રાજપથ છોડીને ગુડા વિસ્તારની મુલાકાત લે તો ખબર પડે કે ગુજરાત કેવું ગતિશીલ છે...

**ગુજરાત આવો, ફ્લોટીંગ રેસ્ટોરન્ટ શરૂ કરો, પ્રવાસનનું નવું આકર્ષણ**

**● ૧૨ ઓફિસરોને સારૂં પોસ્ટીંગ જોઇએ છે...**

ગુજરાતના ૧૨ સિનિયર આઇએએસ ઓફિસરો કે જેમાં વિપુલ મિત્રા, મનીષ ભારદ્વાજ, સોનલ મિશ્રા, સુજીત ગુલાંટી અને અનિલ મુકીમનો સમાવેશ થાય છે તેમને સચિવાલયમાં સારૂં પોસ્ટીંગ જોઇએ છે. વિપુલ મિત્રા સ્પીપામાં કંટાળ્યા છે. મનીષ ભારદ્વાર સ્પોર્ટ્સમાં નાખૂશ છે. ભારતના ચૂંટણી કમિશનમાંથી ખસી ચૂકેલા અનિતા કરવલને પોસ્ટીંગ આપવાનું બાકી છે. શહેરોના મ્યુનિસિપલ કમિશનરોને બદલવાના બાકી છે. સુનયના તોમર ગુજરાત પાછા આવી રહ્યાં છે. ચીફ મિનિસ્ટરની યાદીમાં ૪૦થી વધુ આઇએએસ ઓફિસરોનું નામ છે કે જેમની બદલી કરવાનું કામ ઘણાં સમયથી પેન્ડીંગ છે. જો કે હવે બદલીઓ થોડો સમય પાછી ઠેલાઇ શકે છે, કારણ કે શાળા પ્રવેશોત્સવ આવી રહ્યો છે.

**● AAP : હમ આપ કે ગુજરાતમે આ રહે હૈ**

ગુજરાતના રાજકારણમાં ભલે ત્રીજા મોરચાને સફળતા મળતી ન હોય, ૨૦૧૭ની ચૂંટણીમાં મફલરમેન- અરવિંદ કેજરીવાલની આમ આદમી પાટીની એન્ટ્રી થઇ રહી છે. આ પાટીએ ગુજરાત સરકારથી નારાજ પાટીદારોનો વિશ્વાસ સંપાદન કરવાની યુક્તિ શરૂ કરી દીધી છે અને તેમની લડતને રાજકીય ટેકો આપ્યો છે. રાજકીય પંડિતો માને છે કે આમ આદમી પાટી ગુજરાતના ગામડામાં ઉકાળી શકશે નહીં પરંતુ શહેરી વિસ્તારોમાં તેની પકડ મજબૂત કરી શકે છે જેમાં સરવાળે ભાજપને મોટું નુકશાન છે. બેઠકો વધુ આવે નહીં પણ બેઠકો બગાડવાની પ્રવૃત્તિ આમ આદમી પાર્ટ કરી શકે છે. આમ આદમી પાટીની વર્તમાન એક્ટિવિટીથી કોંગ્રેસના નેતાઓ જેટલા પરેશાન છે તેનાથી વધારે પરેશાન ભાજપના નેતાઓ છે. આપ તરફથી ૧૮૨ ઉમેદવારો ઉભા રાખવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે, જેમાં મોટાભાગે યુવા પાટીદાર ઉમેદવારોને ચાન્સ આપવામાં આવશે. આમ આદમી પાટીએ એક લાખ મેમ્બર તો બનાવી દીધા છે અને તેનો ટારગેટ ચૂંટણી સુધીમાં ૧૦ ગણો કરવાનો છે.

**ગતિશીલ ગુજરાતનો 'નમૂનો' એટલે- ગુડા- રાત્રે લટાર મારી આવો**

**● દરિયા કિનારાનો પવન રૂપિયા પેદા કરશે**

ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારે વીજળી પેદા કરીને ગુજરાત પવન થકી રૂપિયા પેદા કરવા માગે છે અને એટલે જ તેની વિન્ડ પાવર પોલિસીમાં ફેરફાર કરવા જઇ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પવન ઊર્જા શક્તિથી વીજ ક્ષમતામાં વધારો કરવા માટે ૨૦૧૩માં પ્રોત્સાહક વિન્ડ એનર્જી પોલીસી જાહેર કરી હતી. આ નીતિ અનુસાર પ્રાઈવેટ વિન્ડ પાવર કંપનીઓ પાસેથી ગુજરાત સરકાર ૪.૧૫ રૂપિયામાં પ્રતિ યુનિટ વીજળી ખરીદતી હતી. જે અગાઉની પોલિસીમાં ૩.૮૫ રૂપિયે ખરીદવામાં આવતી હતી. નવી પોલિસીમાં આ દરમાં સુધારો થાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે. ગુજરાતમાં પવન ઉર્જાની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૩૮૧૧.૭૫ મેગાવોટ છે. ઈન્ડિયા રેટીંગ એન્ડ રિસર્ચના રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે વિન્ડ પાવર ઉત્પાદનમાં તામિલનાડુ ઉભરી રહ્યું છે પરંતુ ગુજરાતમાં ૩૫૦૭૧ મેગાવોટની પવન ઉર્જા પેદા થઇ શકે તેવી ક્ષમતા છે.

**● સરકારી મહેમાનોને સરકારની રાહત**

ગુજરાતના સંસદસભ્યો, ધારાસભ્યો, અધિકારીઓ તેમજ કર્મચારીઓને આપવામાં આવેલા રાહતદરના પ્લોટના વેચાણમાં સરકારે તેના પ્રિમિયમના દરોમાં વધારો કર્યો છે અને વિસંગતતાઓ દૂર કરતાં સસ્તા પ્લોટ લઇને મકાન બનાવનારા સરકારી મહેમાનો હવે તેમના પ્લોટ કે બંગલા આસાનીથી વેચી શકશે. ગાંધીનગરનો વિચિત્ર નિયમ છે કે રાહતદરનો ૩૩૦ મીટરનો પ્લોટ સરકારે એક કે બે લાખમાં આપ્યો છે જેને વેચીને સંસદસભ્ય અને ધારાસભ્ય એક કરોડ થી ચાર કરોડમાં વેચી રહ્યા હતા. સરકારમાં પ્રિમિયમની રકમ ૫૦ ટકા હતી જે ભરવાથી સરકાર પ્લોટ વેચવાની મંજૂરી આપતી હતી. જો કે પ્રિમિયમની રકમ વેચનાર નહીં લેનારના માથે આવતી હોય છે. હવે નવા નિયમ પ્રમાણે પ્લોટને ૧૦ વર્ષ થયા હોય તો ૧૦૦ ટકા, ૧૫ વર્ષ થયા હોય તો ૭૫ ટકા, ૨૦ વર્ષ થયા હોય તો ૫૦ ટકા, ૨૫ વર્ષ થયા હોય તો ૨૫ ટકા અને ૨૫ વર્ષ પછી શૂન્ય પ્રિમિયમ રહેશે.

**● ગુજરાતાં હવે ફ્લોટીંગ રેસ્ટોરન્ટ બનશે...**

ગુજરાત સરકારે એવો પ્લાન બનાવ્યો છે કે પ્રાઈવેટ પ્લેયર્સ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારે અથવા મોટી નદીમાં ફ્લોટીંગ રેસ્ટોરન્ટ શરૂ કરી શકશે. પ્રાથમિક ધોરણે અમદાવાદના ગાંધીઆશ્રમ પાસે ગાંધીયન સ્ટાઈલની રેસ્ટોરન્ટ માટે પરવાનગી આપવાનું સરકાર વિચારી રહી છે. એ સાથે સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલા પ્રવાસન સ્થળોએ ફ્લોટીંગ રેસ્ટોરન્ટનું પ્લાનિંગ છે. વિશ્વના પ્રવાસન નકશા ઉપર જોઈએ તો ફ્લોટીંગ રેસ્ટોરન્ટ પ્રવાસીઓને આકર્ષવાનો એક નવો કન્સેપ્ટ છે. આ પ્રોજેક્ટને નવી ટુરિઝમ પોલિસીનો લાભ આપવાની પણ સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે. ગુજરાતના મોટા શહેરોમાં આવેલા પબ્લિક લેકમાં પણ આ કન્સેપ્ટમાં કેવી રીતે આગળ વધી શકાય તે અંગે વિવિધ વિભાગો અને જે તે સ્વૈચ્છિક સંસ્થાઓને રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું છે. ટુરિઝમના એક અધિકારીએ કહ્યું હતું કે ગુજરાતની નદીઓ અને કેનાલોમાં જેમ વોટર ટ્રાન્સપોર્ટની સુવિધા વિકસાવવાનું પ્લાનિંગ થઈ રહ્યું છે તેમ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ પણ કરી શકાય છે. થીમ બેઝ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ કરવા માટે ખાનગી કંપનીઓ અને ડેવલપર્સને આમંત્રણ આપવામાં આવનાર છે.